# પેથાપુરના ગ્રામજનો ડમ્પિંગ સાઈટ મુદ્દે લાલઘુમ

## પેથાપુરના નાગરીકો અને રાજકીય આગેવાનો એક મંચ પર, ડમ્પિંગ સાઈટને ફાળવેલી જમીન રદ કરવા ઉગ્ર આંદોલન થશે, પેથાપુરવાસીઓની લડતમાં સાત ગામના સરપંચ પણ જોડાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના ઘન કચરાના નિકાલ માટેની લેન્ડફીલ સાઈટ બનાવવા માટે જમીન ફાળવવામાં આવી છે. ત્યારે ડમ્પિંગ સાઈટ રદ કરાવવા મુદ્દે પેથાપુરના નાગરીકો અને આસપાસના ૭ ગામના સરપંચ પણ એક અવાજે પેથાપુરવાસીઓની લડતમાં જોડાયા છે. રાજયના રાજયપાલ, જિલ્લા કલેકટર, અને મનપાના કમિશનરને ડમ્પિંગ સાઈટ રદ કરવા મુદ્દે આવેદન પત્ર પાઠવી રજુઆત કરી હતી. આ પ્રસંગે પેથાપુરના નાગરીકો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુરમાં ડમ્પિંગ સાઈટ મુદ્દે સળગેલી ચિનગારીએ ધીમેધીમે આગનું સ્વરુપ લીધુ છે. પેથાપુરના દરેક નાગરીક અને રાજકીય આગેવાનો પણ ડમ્પિંગ સાઈટ મુદ્દે એક થઈને લડત લડી રહ્યા છે. નાગરીકોને હેરાન પરેશાન કરવા અને પેથાપુરને



નુકશાન કરવા માટે ચોક્કસ રાજરમત રમાઈ રહી હોય તેવું નગરવાસીઓને લાગી રહ્યું છે. ડમ્પિંગ સાઈટ રદ કરાવવા મુદ્દે હવે પેથાપુરના નગરજનો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.તે ઉપરાંત જરુર પડે આગામી આવનારી મનપાની ચુંટણીનો પણ બહિષ્કાર કરવામાં આવશે. તંત્ર દ્વારા જમીન ફાળવણીના હુકમો રદ કરી જમીનની નોંધોને પેથાપુર નગરના નામે કરવા ગ્રામજનોએ અપીલ કરી છે.

જયારે ડમ્પિંગ સાઈટ રદ કરવા મુદ્દે પેથાપુરની આસપાસ આવેલા પીંપળજ, પીંડારડા, અલુવા, લેકાવાડા, ધરમપુર, મુબારકપુર અને દોલારાણા વાસણા ગામના સરપંચ દ્વારા પણ વિરોધ દર્શાવ્યો છે. ત્યારે પેથાપુરમાં ચોતરફ ડમ્પિંગ સાઈટ દુર કરવા અંગેની ચર્ચાઓ ચાલી રહી છે. જો ડમ્પિંગ સાઈટની જમીન રદ નહી થાય તો પેથાપુરવાસીઓ ચોક્કસ ઉગ્ર આંદોલનના મુડમાં જણાય છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



કાલે તમારે વેક્સીન લેવા જવાનું છે... મહેરબાની કરીને આ ગંજી પહેરીને ન જશો... સ્ટાફની આગળ મને ભુંડી લગાડશો...!!

## આકરી ઠંડીમાં મળી રાહત

ગાંધીનગર, તા. ૧

છેલ્લા કેટલાય દિવસોથી પડી રહેલી હાડ થીજવતી ઠંડીમાં રાહત મળતી જણાય છે. લગુત્તમ તાપમાન અઢી ડિગ્રી જેટલુ ઉંચકાતા ખૂબ જ રાહત મળી છે.

ગાંધીનગર શહેરમાં જાન્યુઆરી માસનું છેલ્લુ અઠવાડિયુ ખૂબ જ આકરી ઠંડીવાળુ રહ્યુ. લઘુત્તમ તાપમાન બે આંકથી નીચે રહેતા વસાહતીઓ ઠંડીમાં હેરાન પરેશાન થઈ ગયા હતા. વસાહતીઓને આકરી ઠંડીએ પરેશાન કરી મુક્યા હતા. લઘુત્તમ તાપમાન દસ ડિગ્રીની નીચે રહેતા વસાહતીઓ ઠંડીમાં રીતસર ઠુંઠવાયા હતા. ઘરમાંથી બહાર નીકળવુ મુશ્કેલ બની ગયુ હતુ. જો કે આકરી ઠંડીમાં ગઈકાલ રાતથી થોડીક રાહત મળતી જણાય છે. ઠંડા પવનો બંધ થતા ઠંડીની અસર ઓછી થતી જણાય છે. આ ઉપરાંત લઘુત્તમ તાપમાન અઢી ડિગ્રી જેટલુ વધતા ઠંડીમાં ઘટાડો થયો છે. ઠંડા પવનો બંધ થતા મહત્તમ તાપમાન પણ ઉંચકાયુ છે. મહત્તમ તાપમાન પણ અઢી ડિગ્રી જેટલુ વધતા વસાહતીઓને રાહત મળી છે.



## પિતા-પુત્રીનું એક જ દિવસે વેક્સીનેશન થયુ

ગાંધીનગર શહેરમાં ગઈકાલે એક જ દિવસમાં બે મહત્વના રસીકરણની ઝુંબેશ હાથ ધરાઈ હતી. આ બન્ને ઝુંબેશમાં પિતા-પુત્રીએ રસી લઈ એક અનોખુ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. ગાંધીનરના પ્રાંત અધિકારી જે.એચ. ભોરણીયાએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે કોરોનાની વેક્સીન લીધી હતી. તેમનું રસીકરણનું કાર્ય સંપન્ન થતાં તેઓ ઘરે ગયા અને લાડકી દિકરી મૈત્રીને સે. ૨૨ની શાળા ખાતેના પોલિયો બુથ ખાતે પોલિયોના બે ટીપાં પાયા હતા. એક જ દિવસમાં પિતા-પુત્રી બન્નેનું રસીકરણ થયુ છે. આ બન્નેને બીજા રાઉન્ડનું વેક્સીનેશન પણ કરાશે. મૈત્રી પોણા ચાર વર્ષની આયુ ધરાવતી દિકરી છે અન તેણે પપ્પાના ખોળામાં બેસી વેક્સીન લીધી હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર કલેકટર ઓફિસમાં આડેધડ થતા પાર્કિંગ અને મુલાકાતીઓને પડતી તકલીફ નિવારવા કલેકટરશ્રીએ કર્મચારીને ફાળવેલ સ્થાન સિવાય અન્ય જગ્યાએ વાહન પાર્ક ન કરવા તેમજ મુલાકાતીઓ અને અન્ય લોકોએ કલેકટર ઓફિસની બહાર જ વાહન પાર્ક પાર્કિંગની જગ્યામાં કરવાના રહેશે તેવા આદેશો જારી કર્યા છે.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અન્ડરપાસ બનાવવાની કામગીરીને કારણે બંધ કરાયેલ ઘ રોડને કારણે અને કલેકટર ઓફિસમાં પણ પાર્કિંગના કડક નિયમો અમલી બનતા હવે કલેકટર ઓફિસનો રસ્તો અકસ્માત ઝોન જેવો થઈ ગયો છે. ટ્રાફિક ભારે અહીં રહે છે.
- ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર આજે જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યા હતા.
- રાજય ચૂંટણી પંચે આજે ઓનલાઈન ઉમેદવારી પત્ર ભરનારા ઉમેદવારો માટેની માર્ગદર્શિકા જાહેર કરી છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના કેસો એક સરખા નોંધાયા છે.
- ગાંધીનગર શહેરની સ્વચ્છતા ઉડીને આંખે વળગે તેવી નહી હોવાથી નાયબ મ્યુનિ. કમિશનરશ્રી દવેએ આજે સેનીટેશન શાખાના અધિકારીઓનો ઉધડો લઈ કડક તાકીદ કરી હતી.
- ગાંધીનગરને કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારામને આજે રજુ કરેલા બજેટમાં બે ભેટ આપી છે.

## જાતે ઝેર ખાનારના વારસદારને વીમા વળતર ન મળી શકે : પંચ

અમદાવાદ, તા. ૧

જ્યાં સુધી વીમાની રકમની ચુકવણીની વાત છે ત્યાં સુધી ઝેર પીને આત્મહત્યા કરવી એ આકસ્મિક મૃત્યુ ગણી શકાય નહીં, એમ ગુજરાત રાજ્ય ગ્રાહક વિવાદ નિવારણ કમિશન દ્વારા ચુકાદો આપવામાં આવ્યો હતો. કમિશને ૧૯ જાન્યુઆરીએ જિલ્લા ફોરમના આદેશને રદ કર્યો હતો, જેમાં ઝેર દ્વારા મૃત્યુ પામેલ એક વ્યક્તિનાં મોત માટે તેના વારસદારને વીમો આપવાનું કહેવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાના આ કેસમાં મનિષ સોલંકીએ નવેમ્બર ૨૦૧૧માં ઝેર પી લીધું હતું. તેમના મૃત્યુ બાદ પુત્ર જયેશે ગુજરાત અકસ્માત વિમા યોજના હેઠળ એક લાખ રૂપિયાની ચુકવણીનો દાવો કર્યો હતો.

આ દાવા અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હોવાથી તેમણે જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ ફોરમનો સંપર્ક કર્યો હતો. ફોરમને રજૂઆત કરવામાં આવી હતી કે સોલંકી કામ કરી રહ્યા હતા ત્યારે ઝેરી દવાનું એક પેકેટ તેમના ખિસ્સામાં હતું. તેવામાં સોલંકીને અચાનક પેટમાં દુખાવો થયો ત્યારે તેમણે ભૂલથી પેઈન કિલરની જગ્યાએ આ દવા ખાઈ લીધી હતી. તે ભૂલને કારણે તેમનું મૃત્યુ થયું હતું.

## ભીખુભાઈ દલસાણિયા બુથ નં. ૧૭૧માં પેજ પ્રમુખ બન્યા

ગાંધીનગર, તા. ૧

ભાજપના પ્રદેશ સંગઠન



મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા પેજ પ્રમુખ બન્યા છે. કોબાના બુથ નં. ૧૭૧ ના પેજ નં. ૪૪-૪૫ના પેજ પ્રમુખ દલસાણિયા બન્યા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જીતવા ભાજપે આ વખતે પેજ પ્રમુખની નિયુક્તીને મહત્વ આપ્યુ છે. પ્રદેશના નેતાઓ પણ પેજ પ્રમુખની ભૂમિકા ભજવવાના છે.

તાજેતરમાં ગાંધીનગર શહેર ભાજપની મળેલી એક બેઠકમાં પેજ પ્રમુખ બનાવાની ધીમી કામગીરીને લઈ નિમાયેલા નિરીક્ષકોએ સંગઠનના આગેવાનોના કાન પણ આમળ્યા હતા. શહેરમાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં આ કામગીરી બહુ બાકી હોવાનું ભાજપના આંતરિક સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આજે પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા પેજ પ્રમુખ બની અને કાર્યકરોને એક નવી દિશા આપી છે. તેમણે કોબાના બુથ નં. ૧૭૧ ના પેજ નં. ૪૪ અને ૪૫ ના પેજ પ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકારી છે.

## ૬૦ વર્ષથી વધુ અને ૩ ટર્મથી વધુ ચૂંટાયા હોય તેમને ટિકિટ નહીં

### પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં આગેવાનોના સગા સબંધીઓને પણ ટિકિટ નહીં આપવાનો નિરણય લેવાયો

ગાંધીનગર, તા. ૧

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ટિકિટ માટે દાવેદારો પડાપડી કરી રહ્યા છે. તેવામાં ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે ટિકિટોને લઈને મહત્વપુર્ણ નિવેદન આપ્યું છે. પાટીલે જણાવ્યું કે ૬૦ વર્ષથી ઉપરના વ્યક્તિને ભાજપની ટિકિટ આપવામાં આવશે નહીં. સાથે જ ૩ ટર્મથી વધુ વાર ચૂંટાયા હશે તે લોકોને પણ ભાજપ ટિકિટ નહીં આપે. આ ઉપરાંત પાટીલે એમ પણ જણાવ્યું છે કે હોદ્દેદારો અને આગેવાનોના કોઈપણ સગાને ટિકીટ નહીં આપવામાં આવે.

આજે મુખ્યમંત્રી રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની હાજરીમાં અને પ્રદેશ પ્રમુખ પાટીલની અધ્યક્ષતામાં મળેલી પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પાટીલે કહ્યું કે, પાર્લામેન્ટ્રી બોર્ડમાં ત્રણ મહત્વનાં નિર્ણય લેવામાં આવ્યા છે કે ૬૦ વર્ષથી વધુ ઉંમરનાં કાર્યકર્તાઓને ટિકિટ આપવી નહીં, જેમની ૩ ટર્મ પૂરી થઈ ગઈ હોય એમને ટિકિટ નહીં આપવી અને આગેવાનોનાં સગા-સંબંધીઓને ટિકિટ આપવી નહીં.

ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત બાદ સતત ટિકિટ માટે નેતાઓ દાવેદારી કરી રહ્યા છે. ભાજપના હોદ્દેદારોએ પણ ટિકિટ લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેવામાં સીઆર પાટીલની આ જાહેરાત ચૂંટણી લડવા માગતા અનેક નેતાઓના સપનાં પર પાણી ફેરવી દે છે. હવે જોવાનું રહેશે કે બીજેપીની લિસ્ટમાં કોને કોને ટિકિટ આપવામાં આવશે. અને ટિકિટ ન મળ્યા બાદ ભાજપની અંદર બળવો થશે કે કેમ. ભાજપમાં ટિકિટ વાંચ્છુકોનું લિસ્ટ ઘણું મોટું છે. કેબિનેટમંત્રી કુંવરજી બાવળીયાએ પોતાના બેન માટે ટિકિટ માંગી છે. મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પત્ની માટે ટિકિટ માંગી છે. વાઘોડિયાના ભાજપ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવએ પુત્ર દીપક શ્રીવાસ્તવ માટે ટિકિટ માંગી છે. ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ પુત્ર ધ્રુમિલ મહેતા માટે ટિકિટ માંગી છે. સંખેડાના ધારાસભ્ય અભેસિંહ તડવીએ પુત્ર દિવ્યાંગ તડવી માટે ટિકિટ માંગી છે. જયારે સાંસદ રંજન ભટ્ટે પોતાની બહેન પન્નાબેન દેસાઈને રીપીટ કરવા ભલામણ કરી છે. પૂર્વ સાંસદ રામસિંહ રાઠવાએ પુત્રી માટે ટિકિટ માંગી છે.



ટ્રાફિક નિયમન માટે અને ટ્રાફિક સુવિધા માટે શહેરમાં ઠેર ઠેર ચાર રસ્તા પાસે રબરની સ્ટીક લગાવવામાં આવી છે. જો કે આ સ્ટીક વધુ ગતિથી આવતા વાહનો માટે અડચણરૂપ બને છે. વાવોલથી ઘ-૩ સર્કલ જવાના માર્ગે લગાવેલી ટ્રાફિક નિયમન સ્ટીક કોઈએ ઉખેડી નાંખી છે અથવા તો કોઈ વાહનની અડફેટે આવીને તુટીને ફેંકાઈ ગઈ છે.

## ભાજપ ૪થીએ મનપાનાં ઉમેદવારો જાહેર કરશે

ગાંધીનગર,તા.૧

મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને પ્રદેશ ભાજપે તેની તૈયારીઓ લગભગ પૂર્ણ કરી દીધી છે. ૧ થી ૩ ફેબ્રુઆરી ના રોજ પ્રદેશ ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળવા જઈ રહી છે. જેમાં ૬ મહાનગર પાલિકાના ઉમેદવારોની યાદી પર ચર્ચા કરાશે. પહેલી ફેબ્રુઆરીથી ગાંધીનગરમાં મુખ્યમંત્રી બંગલો ખાતે મળનારી આ બેઠકમાં ૬ મનપાના ઉમેદવારોની મોકલાયેલી પેનલ પર ચર્ચા કરી આખરી યાદી તૈયાર કરાશે.

## રાજ્યભરમાં નવા ૨૯૮ કેસ નોંધાયા : ૩૦ વેન્ટિલેટર પર

### રાજ્યમાંથી એક દર્દીનું મોત : રાજ્યભરમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૩૩૪૧ જ્યારે ૩૩૧૧ દર્દીઓ સ્ટેબલ, ગુજરાતમાં કુલ મૃતાંક ૪૩૮૮

ગાંધીનગર, તા. ૧

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૨૯૮ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૪૦૬ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૫૪,૧૦૯ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૦૫ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૩,૩૪૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૩૦ છે. જ્યારે ૩,૩૧૧ લોકો સ્ટેબલ છે. ૨,૫૪,૧૦૯ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૮૮ લોકોનાં મોત નિપજ્યા છે. આજે કોરોનાના કારણે ખેડાનાં ૧ દર્દીનું મોત નિપજ્યું છે. જો રસીકરણની વાત કરીએ તો રાજ્યભરમાં કુલ ૮૦૭ કેન્દ્રો પર ૩૪,૪૪૦ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં કુલ ૩,૫૧,૯૦૪ વ્યક્તિઓનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી.



ગાંધીનગરમાં રખડતા ઢોરોનો ત્રાસ ખૂબ વધી ગયો છે. રખડતા ઢોરોને પકડવાની કામગીરી કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે પરંતુ ઢોર માલિકો આવી કામગીરી સમયે પોતાના ઢોરોને છુપાવી દેતા હોવાથી આ કામગીરીનો અર્થ સરતો નથી. સેકટર-૨૮ બ્રહ્માકુમારી સેન્ટર નજીક મોટી સંખ્યામાં ગાયોને છુટી મુકી દેવાઈ છે. ગમે ત્યાં રખડતી આ ગાયો અકસ્માત સર્જે એવું લાગી રહ્યું છે.

## પોસ્ટમાં ગુમ ડીગ્રી સર્ટિ. મુદ્દે યુનિ. હાથ અદ્ધર કરી દે છે

અમદાવાદ, તા. ૧

ગુજરાત યુનિ. દ્વારા દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને પોસ્ટ મારફતે ડિગ્રી સર્ટિફિકેટ ઘરે મોકલવામાં આવે છે. જો વિદ્યાર્થીઓને ઘરે આ ડિગ્રી સર્ટિફિકેટ ન મળે તો યુનિ.માં પરત આવતુ હોય છે પરંતુ અનેક કિસ્સામાં સર્ટિફિકેટ પરત પણ આવતુ નથી અને ઘરે પણ પહોંચતુ નથી. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓએ પોતાના ડિગ્રી સર્ટિફિકેટ મેળવવા માટે ધક્કા ખાવા પડે છે. આશ્ચર્યની વાત એ કે યુનિ. કે પોસ્ટ ઓફિસ પૈકી કોઈપણ સંસ્થા આ માટે જવાબદારી સ્વીકારવા પણ તૈયાર થતી નથી. યુનિ.માં દરવર્ષે બે વખત પદવીદાન સમારંભ યોજવામાં આવે છે. આ સમારંભમાં રૂબરૂમાં હાજર રહેનારા વિદ્યાર્થીઓને હાથોહાથ ડિગ્રી એનાયત કરી દેવામાં આવે છે પરંતુ જે વિદ્યાર્થીઓ હાજર ન રહે તેમના ઘરના સરનામે પોસ્ટ દ્વારા ડિગ્રી સર્ટિફિકેટ મોકલી આપવામાં આવે છે. તાજેતરમાં મહેસાણાના સમોઉના એક વિદ્યાર્થીએ એમ.કોમ.નુ ડિગ્રી સર્ટિફિકેટ માટે અરજી કરી હતી. આ વિદ્યાર્થીને યુનિ. દ્વારા પોસ્ટમાં ડિગ્રી સર્ટિફિકેટ મોકલી આપવામાં આવ્યું હતું. બે માસ થવા છતાં સર્ટિફિકેટ ન મળતાં વિદ્યાર્થીએ યુનિ.માં તપાસ કરતાં સર્ટિફિકેટ મોકલી દીધું હોવાનું જણાવવામાં આવ્યું હતું. આ વિદ્યાર્થીઓ અમદાવાદની પોસ્ટ ઓફિસ અને ત્યારબાદ પોતાના વતનની પોસ્ટ ઓફિસમાં પણ તપાસ કરી જેમાં તેના ગામ સુધી ડિગ્રી સર્ટિફિકેટ પહોંચ્યુ હતું પરંતુ ઘર સુધી પહોંચ્યુ નથી. આ વિદ્યાર્થીએ યુનિ.માં ફરિયાદ કરતાં એવો જવાબ મળ્યો હતો કે ડિગ્રી સર્ટિફિકેટ મોકલી આપ્યા પછી અમારી કોઈ જવાબદારી નથી, જો પરત આવે તો અમારી પાસે રાખીએ છીએ પણ તમારુ સર્ટિફિકેટ પરત આવ્યુ નહોવાથી હવે અમે કશું ન કરી શકીએ. છેલ્લા ત્રણ માસથી આ વિદ્યાર્થી યુનિ. અને પોસ્ટ ઓફિસ વચ્ચે ધક્કા ખાઈ રહ્યો છે. પરંતુ ડિગ્રી સર્ટિફિકેટ ક્યાં ગયુ તેની કોઈ જાણ મળતી નથી. આખરે હવે આ વિદ્યાર્થીએ ગાંધીનગર મુખ્ય પોસ્ટ ઓફિસને પત્ર લખીને રજૂઆત કરી છે કે મારુ ડિગ્રી સર્ટિફિકેટ ક્યાં ગયું તે મને શોધી આપવામાં આવે અન્યથા હું કાયદાનો આશરો લઈશ. યુનિ.એ મોકલેલુ સર્ટિફિકેટ વિદ્યાર્થીઓને ન પહોંચે તો સામાન્ય રીતે યુનિ.માં પરત આવતુ હોય છે પરંતુ વર્ષે એવા અનેક કિસ્સા બને છે કે જેમાં સર્ટિફિકેટ પરત પણ આવતુ નથી અને વિદ્યાર્થીઓને મળતુ પણ નથી.